તાસદીઠ માનદવેતનથી (Honorarium Per Period) શિક્ષણકાર્ય કરાવવા અંગે

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: બમશ-૧૦૧૪-૧૪૦-ગ
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૭/03/૨૦૨૦

**વંચાણે લીધા:-**

1. શિક્ષણ વિભાગનો તા.૨૧/૧૨/૨૦૧૫ નો ઠરાવ ક્રમાંક: બમશ-૧૦૧૪-૧૪૦-ગ
2. શિક્ષણ વિભાગનો તા.૨૯/૦૫/૨૦૧૯ નો ઠરાવ ક્રમાંક: બમશ-૧૦૧૪-૧૪૦-ગ

**આમુખ:-**

પ્રાથમિક શિક્ષણ, માધ્યમિક શિક્ષણ અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ માટે સરકારી અને અનુદાનિત શાળાઓમાં મંજુર શિક્ષકોની જગ્યા નિયમિત શિક્ષકથી ભરાય ત્યાં સુધી વિદ્યાર્થીઓનું શિક્ષણ કાર્ય અટકે નહીં તે માટે તાસદીઠ માનદવેતનથી (Honorarium Per Period) શિક્ષણકાર્ય કરાવવાની યોજના વિભાગના તા.૨૧/૧૨/૨૦૧૫ ના ક્રમાંક (૧) સામે વંચાણે લીધેલ ઠરાવથી અમલમાં મૂકવામાં આવી છે. આ યોજનાની મુદત વિભાગના તા.૨૯/૦૫/૨૦૧૯ ના ક્રમાંક (૨) સામે વંચાણે લીધેલ ઠરાવથી માર્ચ-૨૦૨૦ સુધી લંબાવવામાં આવેલ હતી. દરમિયાનમાં રાજ્યની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ખાલી જગ્યાઓ ધ્યાને લેતાં આ જગ્યાઓ નિયમિત શિક્ષકોથી ન ભરાય ત્યાં સુધી વિદ્યાર્થીઓના અભ્યાસને અસર ના થાય તે હેતુથી આ યોજનાની મુદત વધુ સમય માટે લંબાવવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે વિદ્યાર્થીઓના વ્યાપક હિતમાં રાજ્યની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ માટે સરકારી અને અનુદાનિત શાળાઓમાં મંજૂર શિક્ષકોની ખાલી જગ્યાઓ નિયમિત શિક્ષકોથી ના ભરાય ત્યાં સુધી તાસદીઠ માનદ વેતનથી (Honorarium Per Period) શિક્ષણ કાર્ય કરાવવા અંગેની નિયત કરવામાં આવેલ મુદત તા.૩૧/03/૨૦૨૧ સુધી લંબાવવાની આથી સરકારશ્રીની મંજૂરી આપવામાં આવે છે.

આ યોજના માટે જરૂરી રકમની જોગવાઈ સને ૨૦૨૦-૨૧ ના વિભાગને ફાળવેલ બજેટ સીલીંગની મર્યાદામાં સંબધિત અંદાજપત્ર સદર હેઠળ કરવાની રહેશે.

આ વિભાગના તા.૨૧/૧૨/૨૦૧૫ના ઠરાવની અને વખતોવખતના અન્ય ઠરાવોની જોગવાઈઓ યથાવત રહેશે.

આ હુકમ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગ મારફત સરકારશ્રીની તા.૦૫/03/૨૦૨૦ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ટી.એસ.પટેલ)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

નકલ રવાના પ્રતિ:

- માન.રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(શિક્ષણ) ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી શાળાઓની કચેરી, બ્લોક નં-૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (કમિશનરશ્રી શાળાઓની કચેરી મારફત)
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ (નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ કચેરી મારફત)
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ (કમિશનરશ્રી શાળાઓની કચેરી મારફત)
- વિભાગની સર્વે શાખાઓ.
- સીસ્ટમ મેનેજરશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઈટ પર આ હૂકમ અપલોડ કરવા સારૂ.
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઈલ
- શાખા સિલેક્ટ ફાઈલ.